# સેફ્રોની ઇન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી કેમ્પસ
## (બોયઝ/ગર્લ્સ હોસ્ટેલ)

### હોસ્ટેલના અગત્યના નિયમો

વાલી મિત્રો,

આપ આપનાં પુત્ર/પુત્રી/પાલ્યને અમારી સંસ્થાની હોસ્ટેલમાં મૂકો છો, ત્યારે હોસ્ટેલ એક સમૂહજીવન હોવાની અને તે મુજબ શિસ્ત અને સદભાવપૂર્ણ વર્તનની અપેક્ષા સંસ્થા રાખે છે, જેથી આપના પુત્ર/પુત્રી/પાલ્ય તેમજ અન્ય વિદ્યાર્થીઓ શાંતિ અને સલામતીપૂર્વક હોસ્ટેલમાં રહી પ્રગતિમય જીવન જીવી શકે. આ સમૂહજીવનના ભાગરૂપે તેમજ હોસ્ટેલનું સંચાલન સરળ બની રહે તે માટે અમુક નિયમો પાળવાના રહેશે, જે નીચે પ્રમાણે છે. આ નિયમો આપ વાંચી તેમાં સહી કરી પરત આપશો, તેમજ આપ અને આપનો પુત્ર/પુત્રી/પાલ્ય આ નિયમોના પાલનમાં સંપૂર્ણ સહકાર આપશો, તેવી અમને ખાતરી છે.

1. કોલેજમાં પ્રવેશ મળ્યા પછી હોસ્ટેલમાં પ્રવેશ આપવામાં આવશે.
2. હોસ્ટેલમાં પ્રવેશ મંજૂર થયે હોસ્ટેલની પ્રથમ સત્રની ફી ભરીને પ્રવેશ મેળવી લેવાનો રહેશે.
3. હોસ્ટેલમાં દાખલ થતી વખતે આપનાં પુત્રી/પુત્ર/પાલ્યની માનસિક તથા શારીરિક સ્થિતિ સારી હોવી જોઇએ. પાછળથી તે બાબતે કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે, તો વાલીએ તેમના પુત્ર/પુત્રી/પાલ્યને ઘરે લઇ જવાના રહેશે. તેમજ આપનાં પુત્રી/પુત્ર/પાલ્યને લગતા કોઇપણ જરૂરી કામ માટે વાલીને બોલાવવામાં આવે ત્યારે વાલીએ અવશ્ય આવવાનું રહેશે.
4. કોલેજનું શૈક્ષણિક સત્ર શરૂ થતાની સાથે જ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીએ હોસ્ટેલમાં આવી જવાનું રહેશે, જેથી નવા વાતાવરણને અનુકુળ થવાનો પુરતો સમય મળી રહે તેમજ ભણતરને નુકશાન ન થાય.
5. ગૃહપતિ/ગૃહમાતા જે રૂમ આપના પુત્ર/પુત્રીને ફાળવશે, તે જ રૂમમા રહેવાનું થશે. વહીવટી સરળતાના હેતુથી તે અંગે કોઇપણ રજુઆત માનય રાખી શકાશે નહી.
6. સલામતીના હેતુસર, કોલેજના ચાલુ અભ્યાસે કે સંસ્થાના કાર્યક્રમો દરમ્યાન, વિદ્યાર્થીના કોઇપણ કુટુંબીજન, વાલી, ભાઇ, બહેન કે મિત્રો, અનુમતિ વગર, વિદ્યાર્થી/વિદ્યાર્થીનીને મળી શકશે નહીં તેમજ તેમના રૂમ પર જઇ શકશે નહિ કે રોકાણ કરી શકશે નહીં.
7. રૂમમાં જે કોઇ સાધનો હોય તે એ જ હાલતમાં અભ્યાસ પૂર્ણ થતાં સત્રના અંતે પરત કરવાના રહેશે, જેથી આપની પાછળ આવના વિદ્યાર્થીઓને પણ તેનો સંતોષકારક લાભ મળે.ભાંગતોડ કરનાર વિદ્યાર્થી/વિદ્યાર્થીનીના વાલીએ નકિશાનની કિંમત ભરપાઇ કરવાની રહેશે.
8. સલામતીના હેતુસર, રૂમમાં,લોબીમાં કે સંડાસ-બાથરૂમમાં વીજળીની લાઇન,પ્લમ્બીંગ લાઈન,સ્વીચ કે ઉપકરણો વાપરતી વખતે પુરતી કાળજી રાખવી તથા વપરાશ બાદ ઊપકરણો બંધ કરી દેવા,જેથી વીજળી તેમજ પાણી રૂપી રાષ્ટ્રીય સંપતિની બચત થાય.

9. સલામતી અને બોજારહિત જીવનના હેતુસર,વધારાના સાધનો જેવા કે સ્પીકર,રેડિયો,ટેપ,કેમેરા,હીટર,ઇન્ડકશન કે અન્ય કોઇપણ કિંમતી કે જોખમી ઇલેક્ટ્રીકલ/ઇલકટ્રોનિક્સ ઉપકરણો અથવા તો કિંમતી વસ્તુઓ વગેરે હોસ્ટેલમા લાવવા નહીં,જેથી ભણતર પર પુરતું ધ્યાન આપી શકાય. જે વિદ્યાર્થી પાસેથી ઉપરના સાધનો મળી આવશે,તો વિધાર્થીનું ભણતર પૂરું થતા સુધી, તે સંસ્થામાં જમા કરાવી દેવામાં આવશે તેમજ વિદ્યાર્થી/વિધાર્થીની સામે શિસ્ત માટે જરૂરી પગલા લેવામાં આવશે. ઉપરાંત,વિદ્યાર્થી/વિદ્યાર્થીનીએ જરૂરીયાતથી વધુ રોકડ રકમ પોતાની પાસે રાખવી નહિ. નાણાં કે કોઇપણ કિમતી ચીજવસ્તુ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીને આપેલ પર્સનલ કબાટમાં જ રાખવા.આવી કોઇ વસ્તુ ચોરાઇ કે ખોવાઇ જશે, તો તે અંગે કોઇપણ પ્રકારની જવાબદારી સંસ્થા લઇ શકશે નહીં.

10. "પહેલું સુખ તે જાતે નર્યા" ની કહેવતને ધ્યાનમાં રાખીને, વિધાર્થીનું સ્વાસ્થ જળવાય અને ભણતરમાં ખલેલ ન પડે, તે હેતુથી સંસ્થા દ્વારા દરેક રૂમ તેમજ ટોયલેટ-બાથરૂમની રોજ સફાઇ કરવામાં આવે છે. માટે દરેક વિદ્યાર્થી/વિદ્યાર્થીનીએ પણ તેમાં સહકાર આપવાનો રહેશે. કોઇપણ રૂમમાં ગંદકી માલુમ પડશે,તો રૂમમાં રહેનાર તમામ વિધાર્થીઓ પાસેથી શિસ્ત સાચવવાના હેતુસર, દંડ વસુલ કરવામાં આવશે. હોસ્ટેલ-કોલેજ કેમ્પસમાં કોઇપણ પ્રકારના તહેવારો કે બર્થડે વિગેરે પ્રસંગોની ઉજવણી કરી શકાશે નહિ, આમ કરનાર વિદ્યાર્થી/વિધાર્થીની સામે શિસ્ત સાચવવાના હેતુસર જરૂરી પગલાં ભરવામાં આવશે.

11. રસોઇ કે હોસ્ટેલની કોઇપણ બાબતની, કોઇપણ પ્રકારની રજુઆત, ગૃહપતિ/ગૃહમાતાને જ લેખિતમાં કરવાની રહેશે. રસોયા, મેસ કોન્ટ્રાક્ટર કે હોસ્ટેલના કોઇપણ કર્મચારી સાથે વાદ-વિવાદમાં ઉતરવું નહીં કે તેઓને કોઇપણ પ્રકારની રજુઆત કે ફરિયાદ કરવી નહી,કારણ કે આવી બાબતોના નિરાકરણની કોઇપણ પ્રકારની સત્તા તેમને આપવામાં આવેલ નથી.

12. દરેક વિદ્યાર્થી/વિદ્યાર્થીનીના આવેલ પાર્સલ અથવા બીજોકોઇ સામાન ગૃહપતિ/ગૃહમાતા તપાસીને પછી જ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીને આપશે.

13. કોલેજના શિક્ષણને ધ્યાનમાં લઇને હોસ્ટેલમાં રજાઓની ગોઠવણી થશે, જે દરેક વિદ્યાર્થી/વિધાર્થીનીએ તેમજ તેમના વાલીએ માન્ય રાખવાની રહેશે.યુનિવર્સીટી પરીક્ષા પૂર્ણ થયેથી બે દિવસમાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીએ રૂમ ખાલી કરી આપવાનો રહેશે. શૈક્ષણિક હેતુસર રોકાવું જરૂરી હોય, તો યોગ્ય અધિકારીની આગોતરી પરવાનગી મેળવવાની રહેશે. છતાં જે વિદ્યાર્થી/વિધાર્થીનીની યુનિવર્સીટી પરીક્ષા પૂર્ણ થવા અને નવા સત્ર શરુ થવા વચ્ચે ૭ દિવસ અથવા તેનાથી ઓછો સમય હોય તો તેઓ હોસ્ટેલમાં રોકાઇ શકશે.

14. દરેક વિદ્યાર્થી/વિદ્યાર્થીનીએ, તેમના જે તે ચાલુ સત્રની, યુનિવર્સીટી સત્ર પૂર્ણ થવાની તારીખ સુધીમાં, તેઓ આગામી સત્રમાં હોસ્ટેલમાં રહેવા માંગે છે કે નહિ,તેની જાણ,તે અંગેનું ફોર્મ ભરીને ગૃહપતિ/ગૃહમાતાને અચૂક કરવાની રહેશે. જેથી આગામી સત્ર માટે યોગ્ય આયોજન કરી શકાય.

15. વિદ્યાર્થી/વિદ્યાર્થીની માટે હોસ્ટેલમાં આવવાના તેમજ બહાર જવાના નિયત સમય નીચે મુજબ રહેશે.

| | હોસ્ટેલમાં આવી જવાનો સમય | કેમ્પસમાં આવી જવાનો સમય |
|---|---|---|
| ભાઇઓ | સાંજે ૦૯:૦૦ વાગ્યે | સાંજે ૦૮:૦૦ વાગ્યે |
| બહેનો | સાંજે ૦૮:૦૦ વાગ્યે | સાંજે ૦૭:૦૦ વાગ્યે |

શિસ્તપાલનના હેતુસર, ઉપરોકત જણાવેલ સમય સિવાય, બહાર જવાની કે અંદર આવવાની પરવાનગી આપવામાં આવશે નહિં. આકસ્મિક અને અનિવાર્ય સંજોગોમાં બહાર જવાનું/અંદર આવવાનું થાય, તો ગૃહપતિ/ગૃહમાતા દ્વારા, વિદ્યાર્થી/વિદ્યાર્થીનીની લેખિત અરજી તેમજ વાલી/યોગ્ય અધિકારીની પરવાનગી લઇને, તેમને બહાર જવાની/અંદર આવવાની રજા આપવામાં આવશે. કોઇપણ સંજોગોમાં, જાણ કર્યા વગર જો કોઇ વિદ્યાર્થી/વિદ્યાર્થીની બહાર જશે, તો તેની સંપૂર્ણ જવાબદારી વિદ્યાર્થી/વિદ્યાર્થીની અને તેના વાલીની રહેશે.

16. કોલેજ સમય બાદ અને રજાઓના દિવસોમાં, પરવાનગી લીધા સિવાય, હોસ્ટેલની બહાર કોઇએ જવું નહિ.
17. કોલેજ કેમ્પસની અંદર મોબાઇલ ફોન લાવવાની છૂટ છે, પરંતુ કોલેજ બિલ્ડીંગ તેમજ કલાસરૂમની અંદર મોબાઇલ સ્વીચઓફ કરીને રાખવાના રહેશે. એ જ રીતે હોસ્ટેલમાં મોબાઇલ ફોન લાવવાની છૂટ છે. પરંતુ, અન્ય વિદ્યાર્થીઓને ડિસ્ટર્બ ન થાય તેનો ખ્યાલ રાખીને જ મોબાઇલ ફોનનો મર્યાદિત ઉપયોગ કરવાનો રહેશે. આવી કોઇપણ કિંમતી વસ્તુ ખોવાશે તો સંસ્થાની કોઇ જવાબદારી રહેશે નહી.
18. સંસ્થાની મિલકતની જાળવણી તેમજ વિદ્યાર્થીઓની સલામતીના હેતુસર, દરેક વિદ્યાર્થી/વિધાર્થીનીએ, નિર્ધારિત સ્થળ/મેદાન સિવાય, કોલેજ કે હોસ્ટેલ તેમજ તેના કેમ્પસમાં ક્રિકેટ, ફુટબોલ જેવી કોઇપણ જાતની રમત રમવી નહી. તેમજ વિદ્યાર્થી/વિધાર્થીનીઓ સાથે રમી શકશે નહિ. જો કોઇ વિદ્યાર્થી/વિધાર્થીની આમ કરતા નજરે પડશે. તો તેમની સામે શિસ્તપાલન માટે જરૂરી પગલાં લેવામાં આવશે.
19. આકસ્મિક બિમારી કે કોઇ આકસ્મિક સંજોગોમાં આપના પુત્ર/પુત્રી/પાલ્યને કોઇપણ તકલીફ ઊભી થાય તો સંસ્થા પ્રાથમિક સારવારની વ્યવસ્થા ગોઠવી, વાલીને આ બાબતની જાણ કરશે. ત્યારબાદ વિગતવાર ચકાસણી અને સારવારની સંપૂર્ણ જવાબદારી વાલીની રહેશે.
20. ગૃહપતિ/ગૃહમાતા હોસ્ટેલના કોઇપણ રૂમના કોઇપણ કબાટ, ટેબલ અને અન્ય સામાનની ગમે ત્યારે ચકાસણી કરી શકશે. તેમજ હોસ્ટેલમાં કોઇપણ પ્રકારની ગુપ્ત પ્રવૃત્તિઓ/મીટીંગ્સની પરવાનગી નથી, જેથી વિદ્યાર્થીઓના હિત વિરુધ્ધની કોઇપણ પ્રવૃતિ ના થાય.

21. હોસ્ટેલના પાણી, જમવા વિગેરે સમયનુ દરેક વિદ્યાર્થી/વિદ્યાર્થીનીએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે, જેથી હોસ્ટેલનો સ્ટાફ વિદ્યાર્થીઓને સમયસર અને યોગ્ય સવલત પૂરી પાડી શકે.

22. હોસ્ટેલ/કોલેજ કેમ્પસમાં સભ્યતાવાળું વાતાવરણ જાળવવા માટે દરેક વિદ્યાર્થી/વિદ્યાર્થીનીએ સભ્યતાને અનુરૂપ કપડાં પહેરવાના રહેશે તેમજ ભાઇઓ બહેનોએ એકબીજા સાથે સંસ્કારી/સભ્યતાપૂર્વકનો વ્યવહાર કરવાનો રહેશે.

23. સલામતીના કારણોસર કોઇપણ વિદ્યાર્થી/વિદ્યાર્થીની હોસ્ટેલની અગાસીમાં જઇ શકશે નહિં.

24. કોલેજ સમય દરમ્યાન કોઇ વિદ્યાર્થી/વિદ્યાર્થીની હોસ્ટેલમાં રૂમમાં હાજર રહી શકશે નહિં.

25. કોલેજ સમય સિવાય, અનુમતિ વગર, કોલેજ બિલ્ડિંગમાં પ્રવેશ કરવો નહિં.

26. હોસ્ટેલ/રસોડાની કોઇપણ વસ્તુ, સમુહ કે વ્યકિતગત વપરાશ માટે લેવી નહિં.

27. ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનીકલ એજયુકેશન (પ્રિવેન્શન એન્ડ પ્રોહિબીશન ઓફ રેગીંગ ઇન ટેકનિકલ ઇન્સ્ટીટયુટ, યુનિવર્સિટીઓ તથા ડીમ્ડ યુનિવર્સિટીઓ ઇમ્પારટીંગ ટેકનિકલ એજયુકેશન) અધિનિયમ ૨૦૦૯ મુજબ હોસ્ટેલમાં રેગિંગ પ્રતિબંધિત છે.

28. વિદ્યાર્થી/વિદ્યાર્થીની હોસ્ટેલ મેસમાં જે દિવસે જમવાના ના હોય, તો એક દિવસ અગાઉ જાણ કરવાની રહેશે. શિસ્ત તેમજ સ્વાસ્થ્યની જાળવણી હેતુસર, રૂમમાં જમવાનું બનાવવું કે રસોડામાંથી લઇ જવું પ્રતિબંધિત છે.

29. હોસ્ટેલ/કેમ્પસમાં મોટેથી સંગીતનાં સાધનો વગાડવા, મોટેથી, ગાવું, ચીસો પાડવી કે એવો કોઇપણ પ્રકારનો અવાજ કરવો નહિ. તેમજ જેનાથી અન્યોને ભણવામા ખલેલ પહોચે કે તેમના મનની શાંતિ ભંગ થાય તેવુ વર્તન કરવુ નહિ,

30. હોસ્ટેલની કોઇપણ દિવાલ પર કોઇપણ પ્રકારનું લખાણ લખવું નહિં કે ચિત્રો દોરવા નહિ.

31. **નીચેના કારણોસર સંસ્થા આપનાં પુત્રી/પુત્ર/પાલ્યને હોસ્ટેલમાંથી છૂટા કરી શકશે :-**

- કોઇપણ વિદ્યાર્થી/વિદ્યાર્થીની યુનિવર્સિટી દ્વારા 'ડિટેઇન' થાય તો તે વિદ્યાર્થી/ વિદ્યાર્થીની હોસ્ટેલમાં રહી શકશે નહિ.
- સંસ્થાના નિયમોનું પાલન ન કરે અને સંસ્થા/વિદ્યાર્થીઓના હિત વિરૂધ્ધ વર્તન હોય,
- આરોગ્ય સારૂ રહેતું ન હોય અથવા માનસિક સ્થિતિ સારી ન હોય,
- ગૃહપતિ/ગૃહમાતા કે અન્ય અધિકારીની આજ્ઞામાં રહેતા ન હોય,
- ઉશ્કેરણીજનક વર્તન કે પ્રવૃતિ કરે,
- કુસંસ્કાર તથા ચારિત્ર્યલક્ષી અપરાધ જણાય.
- કોઇપણ પ્રકારની ગુનાહિત પ્રવૃતિમાં સંડોવાયા હોય,
- તમાકુ કે અન્ય કોઇપણ જાતના વ્યસન કરતા નજરે પડે.
- હોસ્ટેલ સિવાયના કોઇપણ અનઅધિકૃત વિદ્યાર્થી/વિદ્યાર્થીની/વ્યકિતને, કેમપસ/હોસ્ટેલ/ રૂમમાં પ્રવેશ આપે.

32. **વાલી મુલાકાત :-**

- દર રવિવારે સમય સવારે ૧૦:૦૦ થી બપોરે ૧:૦૦ દરમ્યાન મુલાકાત લઇ શકશે. એ સિવાયના સમય માટે ગૃહપતિ/ગૃહમાતાની પૂર્વ મંજૂરી મેળવવી જરૂરી છે.
- સલામતીના હેતુસર ઓળખપત્ર ધરાવનાર વાલી જ તેમનાં પુત્રી/પુત્ર/પાલ્યને મળી શકશે.

33. **ખાસ નોંધ :-**

- નાના-મોટા વેકેશનમાં આપનાં પુત્રી/પુત્ર/પાલ્યને લઇ જવાની તથા મુકી જવાની જવાબદારી વાલીની રહેશે. અન્યથા વાલીએ પોતાના સ્વહસ્તાક્ષરમાં કાયમી ધોરણે એકલા આવવા-જવાની રજા ચિઠ્ઠી લખી આપીને તે પ્રમાણેની આગોતરી પરવાનગી ગૃહપતિ/ગૃહમાતા પાસેથી મેળવી લેવાની રહેશે. કોઇપણ સંજોગોમાં હોસ્ટેલ છોડતી વખતે (રજાચિઠ્ઠી) લીવ બુકમાં નોંધ કરીને જ જવાની જવાબદારી વિદ્યાર્થીની રહેશે.
- વિદ્યાર્થી/વિધાર્થીનીએ એડમિશન રીશફલીંગમાં, "ડિટેન્શન" કે અન્ય કોઇપણ કારણસર હોસ્ટેલ છોડવાની થાય તો તેવા સંજોગોમાં હોસ્ટેલની ભરેલી ફી નીચે મુજબ કપાત કરી પરત કરવામાં આવશે તેની ખાસ નોધ લેવી.

  * ૧ મહિનો કે તેનાથી ઓછો સમય હોસ્ટેલમાં રહેનારને ભરેલી ફીના ૨૫% કપાત થશે.

  * ૧ મહિનાથી વધારે અને ૨ મહિના સુધી હોસ્ટેલમાં રહેનારને ભરેલી ફીના ૫૦% કપાત થશે.

  * ૨ મહિનાથી વધારે સમય હોસ્ટેલમાં રહયા હોય તેવા વિદ્યાર્થીને ભરેલી ફી પરત મળી શકશે નહીં.

સવિનય સાથે જણાવવાનું કે, આથી અમો બાંહેધરી આપીએ છીએકે, ઉપર મુજબના હોસ્ટેલમાં પ્રવેશ માટેના નિયમો મેં અને મારા પુત્ર/પુત્રી/પાલ્યે કાળજીથી વાંચ્યા છે, તે અમોને માન્ય છે અને તેનુ પાલન કરવાની ખાત્રી અમો આપીએ છીએ. આ નિયમો તેમજ ભવિષ્યમાં જે કંઇ નિયમો અમલમાં આવશે તેનું પાલન કરવાની શરતે મારા પુત્ર/પુત્રી/પાલ્યને હોસ્ટેલમાં દાખલ કરવા વિનંતી છે. અને જો તેનું પાલન કરવામાં નિષ્ફળ જાય તથા નિયમોનું ઉલ્લંઘન કરે તો હોસ્ટેલમાંથી તેનું નામ કમી કરવાનો/શિસ્ત જાળવવાના હિતમાં જરૂરી પગલાં સંસ્થા લઇ શકશે.જે અમોને મંજૂર છે.

સ્થળ :. વિદ્યાર્થીની સહી : ____________________

તારીખ :. વાલીની સહી : ____________________